## ભરૂચ જીલ્લા પોલીસ દ્વારા કરેલ સારી કામગીરીની માહિતી

**DATE: 06/07/2020**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### નેત્રંગ પોલીસે થવા ચેકપોસ્ટ પરથી પકડ્યા

# મોપેડમાં વિદેશીદારૂની ખેપ મારતા બે ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

નેત્રંગ પોલીસ મથકના પીએસઆઇ પોતાના ટાઉન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. દરમિયાન બાતમી મળી હતી કે,બે ઈસમો મોપેડ પરથી વિદેશી દારૂની હેરાફેરી કરવાના છે.આ બાતમીના આધારે પોલીસે થવા ચેક પોસ્ટ ખાતે વાહન ચેકીંગ હાથ ધર્યું હતું.તે સમયે બાતમીવાળા મોપેડ ચાલક રોહિતદાસ શીવદાસ દત્તુભાઈ પંચાલ,રહે, નિઝાર,તાપી અને બીજા ઈસમ નામે રાજેશ નારાયણ માણિકરાવ પારેખ,રહે,નંદુરબાર, મહારાષ્ટ્રનાઓને રોકીને તેમની તલાસી લેતા તેમના ગાડીમાંથી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે તેમની પાસેથી વિદેશી દારૂની બેટલો નંગ 91 કિંમત રૂપિયા 26,445 અને બે મોપેડ ગાડીની કિંમત 80 હજાર અને મોબાઈલ નંગ-2 કિંમત 8 હજાર મળીને કુલ 1,14,445 નો મુદામાલ સાથે ઝડપી પાડ્યા હતાં. પોલીસે બંનેય ઈસમોનો સામે પ્રોહિબિશન એક્ટ મુજબનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 06/07/2020**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

ભરૂચમાં સ્ટેશન રોડ પરનો વીડિયો વાયરલ થયો હતો

# બાઈક પર 6 બાળકોની સાથે સ્ટન્ટ કરનાર શખ્સ ઝડપાયો

## શખ્સ નશો કરેલો હોવાથી પ્રોહિબિશન એક્ટ હેઠળ ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના સ્ટેશન રોડ પર ગઈકાલે એક બાઈક ચાલક 6 બાળકને બેસાડી સ્ટન્ટ કરવાનો વિડિયો વાયરલ થયો હતો. ઘટનામાં બાઈક ચાલક કોઈ કારણસર સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવે તો અકસ્માત સર્જાય તેવી દહેશત પણ ફેલાઈ હતી. ત્યારે વાયરલ વિડિયો ભરૂચ એ ડિવિઝન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ નરેશભાઈના મોબાઈલ પર આવતાં તેમણે બાઈક ચાલક વિરૂદ્ધ પોતાની તેમજ બાઈક પર સવાર બાળકો અને બીજા લોકોની જીંદગી જોખમાય તે રીતે વાહન ચલાવવાના સબબમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ મામલામાં તપાસ હાથ ધરી વિડિયોમાં જણાતાં નંબરના આધારે બાઈક ચાલકને શોધવાની કવાયત હાથ ધરી નરેશ ઉર્ફે નલ શિવદાસ પારેખર (રહે. સુથિયાપુરા)ને ઝડપી પાડ્યો હતો. જોકે તે નશાની હાલતમાં હોઈ પોલીસે પહેલાં તેની પ્રોહિબિશન એક્ટ હેઠળ ધરપકડ કરી હતી. બાદમાં ફરિયાદના આધારે તેની પુનઃ ધરપકડ કરવામાં આવશે.

**DATE: 07/07/2020**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# વિડીયોકોન કંપનીમાંથી ચોરાયેલા કોપર વાયર સાથે 5 શખ્સો પકડાયા

અંકલેશ્વર : ભરૂચ નજીક ચાવજ પાસે બંધ પડેલી વિડિયોકોન કંપનીમાંથી થોડા દિવસો પહેલા કોપર વાયરની ચોરી થઈ હતી. આ કેસમાં અંકલેશ્વર શહેર પોલીસને બાતમી મળી હતી કે વાલિયા તરફથી કારમાં કેટલાક ઈસમો કોપર વાયરનું વેચાણ કરવા આવનાર છે. જેથી પી.આઈ ઓ.પી સીસોદીયા અને પી.એસ.આઈ વી.આર ઠુમ્મર વોચ ગોઠવી કોપરના વાયર સાથે યોગેશ જેરામ વસાવા (રહે. પણસોલી તા. વાલિયા), પ્રકાશ રવિયા વસાવા, મુન્ના ખુમાન વસાવા, અલ્પેશ મંગેશ વસાવા, અનિલ લક્ષમણ વસાવા (તમામ રહે. બેડી બાડા તા. વાલિયા) ને ઝડપી પાડ્યા હતા. પોલીસે 150 કિલો કોપર વાયર કિં. રૂ. 45,000 અને કાર મળી કુલ રૂ.3 લાખ ઉપરાંતની મત્તા જપ્ત કરી વધુ તપાસ શરૂ કરી છે.

**DATE: 08/07/2020**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

# વાલિયા પોલીસ સ્ટેશનમાં વૃક્ષારોપણ કરી 50 ફળની કલમો રોપવામાં આવી હતી



વાલિયા પોલીસ સ્ટેશનના ઈન.પીઆઈ એન.એન. નિનામાએ ઉમદા હેતુથી પોલીસ સ્ટેશનમાં આશરે 50 જેટલા ફળફળાદીની કલમો લાવી આખા સ્ટાફના હસ્તે વૃક્ષારોપણ કર્યું હતું.આ ફળના રોપાઓમાં આંબા, ચીકુ, ઝમરૂખ,ફણસ,નાળીયેર અને કમરખ વાવી આજે નહિ પરંતુ બે ચાર વર્ષમાં આવનાર પોલીસ કર્મીઓના બાળકો અને પરીવારને તેમના સ્વાસ્થ્ય માટે ઉપયોગી થશે તેવા વિચારોથી કંઈક અલગ જ પ્રકારના દરેક ફળની કલમો લાવી રોપવામાં આવી હતી.

**DATE: 08/07/2020**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### વિદેશી દારૂ, કાર મળી 1.34 લાખનો મુદ્દામાલ જપ્ત

# પાલેજ ખાતેની હોટલ પાસેથી દારૂના જથ્થા સાથે 3 ઝડપાયા



પાલેજ નજીક આવેલી હોટલ પંચવટી પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂ સાથે ત્રણ ઇસમો ઝડપાયા.

ભાસ્કર ન્યૂઝ | પાલેજ

ભરૂચ ના પાલેજ નજીક આવેલી હોટલ પંચવટી પાસેથી પાલેજ પોલીસે ઇકો ગાડીમાં લઈ જવાઈ રહેલા રૂપિયા 31 હજાર ઉપરાંતના ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થા સાથે ત્રણ ઇસમોને ઝડપી પાડતા દારૂની હેરાફેરી કરતા બુટલેગરોમાં ભારે ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. વાત કરીએ પાલેજની તો પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર પાલેજ પોલીસ મથકના પો.ઇ. બી.પી રજ્યા સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા.

એક સફેદ કલરની ઇકો ગાડી શંકાસ્પદ જણાતા ગાડીને અટકાવી સઘન તલાશી લેતા ગાડીમાંથી બે મીણીયા થેલા મળી આવ્યા હતા થેલામાં રોયલ સિલેક્ટ ડીલક્ષ વ્હીસ્કીની બોટલ નંગ - 72 કિંમત રૂપિયા 31,680, ગાડી કિંમત રૂપિયા એક લાખ, અંગજડતીના રૂપિયા 1500 તેમજ મોબાઈલ એક કિંમત રૂપિયા 1000 મળી કુલ રૂપિયા 1,34,180 ના મુદ્દામાલ સાથે કલમસિંગ સુપરસિંગ પવાયા, આઝમસિંગ રેમા ભાભરીયા તેમજ ફુલકીયા છગન ભુરીયા તમામ રહે. એમ. પી. નાઓની ધરપકડ કરી તમામ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ પાલેજ પોલીસ મથકમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સમગ્ર કામગીરી પાલેજ પોલીસ મથકના ડી સ્ટાફના શંકરભાઈ, મહેશભાઈ, મહાવીરસિંહ, પ્રવીણભાઈ તેમજ કરસનજી એ સફળતાપૂર્વક કરી બુટલેગરોને ઝડપી પાડ્યા હતા.

# ઝઘડિયામાં કરફ્યુનો ભંગ કરનાર ૪૮ સામે દંડનીય કાર્યવાહી

ઝઘડિયાઃ ઝઘડિયા પોલીસ દ્વારા અનલોક ૨ માં જાહેર થયેલ જાહેરનામાનો ભંગ કરનાર તથા કર્ફ્યુ ના નિયમનો ભંગ કરનાર ૪૮ ઈસમો વિરુદ્ધ દંડનીય કાર્યવાહી કરી ફરિયાદ નોંધી છે. ઝઘડિયા પંથકમાં જેમ જેમ તંત્ર દ્વારા છૂટછાટ આપવામાં આવી રહી છે. તેમ તેમ એક તરફ કોરોના નું સંક્રમણ પણ વધી રહ્યું છે અને આમ જનતા પણ કોઈ પ્રકારના ભય વગર જાહેરમાં સમયમર્યાદા બાદ પણ રખડી રહ્યા છે તેવા ઈસમ વિરુદ્ધ ગત રોજ ઝઘડિયા પોલીસે ૪૮ ને જાહેરનામાનો ભંગ કર્ફ્યુનો નિયમ ભંગ તથા માસ્ક વગર જાહેરમાં ફરતાં ઈસમો વિરુદ્ધ દંડનીય કાર્યવાહી હાથ ધરી છે. ગતરોજ ઝઘડિયા પોલીસે જાહેરનામાના ભંગ તથા કર્ફ્યુના ભંગના છ ઈસમો વિરૂદ્ધ કાર્યવાહી કરી છે તથા માસ્ક વગર ફરતા ૪૨ ઈસમો વિરુદ્ધ દંડનીય કાર્યવાહી કરી રુપિયા ૮૪૦૦ ના દંડ ની વસુલાત કરી છે.

DATE: 09/07/2020
E-PAPER SANDESH PAGE-10

# ગડખોલ પાટિયા પાસેથી ઈકો કારમાંથી કોપર કેબલના વાયર સાથે ચાર ઝડપાયા

અંકલેશ્વર શહેર પોલીસની ટીમ અંકલેશ્વરના ગડખોલ પાટિયા પર વાહન ચેકીંગ હાથ ધર્યું હતું તે દરમ્યાન અંદાડા ગામ તરફ થી એક ઈકો કાર આવતા તેને રોકી અંદર ચેક કરતા કોપર કેબલ ના વાયર નો જથ્થો મળી આવ્યો હતો. શહેર પોલીસે કારમાં સવાર ચાર શખ્સો ને કેબલ વાયરના જથ્થા અંગે બીલ અને આધાર પુરાવા માંગતા તેઓએ સંતોષકારક જવાબ નહિ આપતા પોલીસે વાલિયા તાલુકાના લુણા ગામના વિક્રમ ઈશ્વર વસાવા ,પણસોલી ના રાકેશ ફકીર વસાવા ,કરસાડ ગામના કિશાન કાળીયા વસાવા અને નીતિન મનજી વસાવા ની અટકાયત કરી રૂપિયા ૩૯ હજારની કિંમત ના કોપર કેબલ વાયરનો ૧૩૦ કિલોગ્રામ જથ્થો અને ૨ લાખ ની ઈકો કાર મળી કુલ રૂપિયા ૨ લાખ ૩૯ હજાર નો મુદ્દામાલ કબ્જે કરી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે ,

**DATE: 09/07/2020**
**E-PAPER SANDESH PAGE-10**

# અંકલેશ્વરમાં માસ્ક વિના ફરતા લોકો સામે કાર્યવાહી કરાઈ

અંકલેશ્વર : અંકલેશ્વર શહેર તેમજ તાલુકા વિસ્તારમાં જે રીતે કોરોના વાયરસનો કેર ફેલાઈ રહ્યો છે એ જોતાં પોલીસતંત્રએ છેવટે એકશનમાં આવવું જ પડયું છે. અંકલેશ્વર પોલીસે ૨૪ કલાકમાં રૂપિયા ૧૬૨૦૦નો દંડ વિવિધ ગુના હેઠળ વસૂલ્યો છે. મંગળવારના રોજ દિવસ તેમજ રાત્રે પેટ્રોલીંગ દરમિયાન પોલીસતંત્રએ અંકલેશ્વર શહેર, તાલુકા તેમજ જીઆઈડીસી વિસ્તારમાંથી કુલ રૂપિયા ૧૬૨૦૦નો દંડ વસૂલ્યો છે. જ્યારે કે અંકલેશ્વર શહેર, તાલુકા ઉપરાંત હાંસોટ, ઝઘડીયા, વાલિયા, નેત્રંગ, ઉમલ્લા અને રાજપારડી વિસ્તારમાં પણ વિભાગીય પોલીસવડા ચિરાગ દેસાઈના માર્ગદર્શન હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસ સંગ્રહ તરફથી મળતા સત્તાવાર આંકડા અનુસાર કલમ ૧૮૮ના ભંગ બદલ ૨૦ કેસ, માસ્ક ના પહેરનાર પાસે દંડ વસૂલવાના ૧૯૬ કેસ મળી કુલ રૂપિયા ૩૯૨૦૦ની વસુલાતપોલીસ તંત્ર દ્વારા કરવામાં આવી છે. .

**DATE: 09/07/2020**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# વાલિયા પોલીસ કર્મીઓએ શાકભાજીના ફેરિયા અને લોકોને માસ્કનું વિતરણ કર્યું



વાલિયા | વાલિયા પોલીસે દ્વારા શાકભાજીના ફેરિયા અને લોકોને ફેસ માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. હાલ ભરૂચ જિલ્લામાં કોરોના પોઝીટીવના કેસનો કહેર જોવા મળી રહ્યો છે જિલ્લામાં કોરોના કેસ નોંધાઈ ચુક્યા છે. ત્યારે લોકોને ફેસ માસ્ક પહેરવા ફરજિયાત આગ્રહ કરવામાં આવી રહ્યો છે તેવા સમયમાં વાલિયા પોલીસ મથકના ઈન્ચાર્જ પી.આઈ.નિલેશ નિનામામાં અને સ્ટાફ દ્વારા લોકો પણ માસ્ક પહેરે તેવી અપીલ પોલીસ દ્વારા કરવામાં આવી છે.

DATE: 10/07/2020
E-PAPER GUJARATMITRA PAGE-10

# અંકલેશ્વર જીઆઈડીસીમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે ત્રણ ઝડપાયા

અંકલેશ્વર જીઆઈડીસી માં એલસીબી પોલીસે એ,વી એન્ટરપ્રાઈઝના પાછળના ભાગેથી વિદેશીદારૂના જથ્થા સાથે ત્રણ બુટલેગરને ઝડપી પાડી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ સૂત્રીય માહિતી મુજબ ભરૂચ એલસીબીની ટીમે અંકલેશ્વર જીઆઈડીસી માં પેટ્રોલિંગ દરમ્યાન મળેલી બાતમી ના આધારે એ.વી એન્ટરપ્રાઈઝ કંપનીના પાછળના ભાગે આવેલ રૂમમાંથી વિદેશીદારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. એલસીબી પોલીસે સ્થળ ઉપર થી વિજય મણિલાલ પટેલ, ધર્મેશ રામકરણ પ્રસાદ અને દિલીપ ઠાકોર રાઠોડ ને ઝડપી પાડી ૧૯ હજારની કિંમત નો વિદેશીદારૂ નો જથ્થો કબ્જે કરી જીઆઈડીસી પોલીસ મથક માં ફરિયાદ નોંધી છે

**DATE: 10/07/2020**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

# ઝઘડિયા પોલીસ દ્વારા શાકભાજીનું વેચાણ કરતા લોકોને માસ્કનું વિત્તરણ કરવામાં આવ્યું



ઝઘડિયા | ઝઘડિયા પોલીસ દ્વારા શાકભાજી વેચતા લોકોને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. હાલ કોરોનો વાઈરસ વધુ ફેલાઈ રહ્યો છે અને રોજિંદા લારી લઈ શાકભાજી વેચવીવાળાને માસ્ક વિતરણ કર્યું હતું. હાલ માસ્ક પહેંચવું ફરજીયાત બન્યું છે. તેવા સમયે ઝઘડિયા પીઆઈ પી.એચ.વસાવા પી.એસ.આઈ રાઠવા દ્વારા લોકો માસ્ક વિસ્તરણ કર્યુ સાથે સાથે લોકોને અપીલ પણ કરી હતી.

**DATE: 10/07/2020 CATEGORY: RED**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### તાલુકા, GIDC અને તાલુકા પોલીસની કાર્યવાહી

# અંકલેશ્વર બીજા દિવસે 14 વેપારી સામે ગુનો નોંધાયો

## કોરોનાના કેસ વધતાં કલેક્ટરનું પણ જાહેરનામુ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર પોલીસે સતત બીજા દિવસે 14 દુકાનદારો સામે કાર્યવાહી કરી રાત્રીના દુકાનો બંધ કરાવી હતી. તાલુકા, જીઆઈડીસી અને તાલુકા પોલીસે અન લોક 1 નું કડક પાલન કરવાની કવાયત આરંભી હતી.

ભરૂચ જિલ્લામાં કોરોનાના કેસ વધતા જિલ્લા કલેક્ટરે જાહેરનામુ બહાર પાડી સવારે 7 થી બપોરે 4 વાગ્યા સુધી જ માર્કેટ ચાલુ રાખવા આદેશ કર્યો છે. જોકે, ભરૂચ શહેરમાં તો 2 દિવસથી વેપારીઓ બપોરે 2 અને 4 કલાકે સ્વયંભૂ જ દુકાનો બંધ કરી દેતા હતાં. દરમિયાન ગુરુવારથી જાહેરનામા બાદ વેપાર-ધંધા નિયમ મુજબ બંધ કરી દીધા હતાં.

બીજી તરફ અંકલેશ્વરમાં વધી રહેલા કોરોના કેશને લઈ તંત્રને 3 દિવસ પૂર્વક અનલોક 2 ના નિયમોનું કડક અમલ કરવા માટે કવાયત આરંભી હતી. જેના ભાગ રૂપે બુધવારે 7 દુકાનદારો સામે કાર્યવાહી કરી હતી. ગુરુવારે પણ જીઆઈડીસી પોલીસે 4 દુકાનદાર, સીટી પોલીસે 7 દુકાનદાર અને તાલુકા પોલીસે 3 દુકાનદાર સામે કાર્યવાહી આરંભી હતી.તેમની સામે ગુનો નોંધી તમામની ધરપકડ કરી હતી. તેમજ માસ્ક વિના રખડતા 38 થી વધુ લોકો સામે કાર્યવાહી આરંભી હતી. અને તેમને દંડ ફટકાર્યો હતો.

**DATE: 11/07/2020**
**E-PAPER SANDESH PAGE-12**

# ભરૂચ મદીના પાર્કના રહેણાંક મકાનમાંથી ૮ જુગારીયાઓ ઝડપાયા

ભરૂચ : ભરૂચ તાલુકાના કરમાડ ગામ ખાતે મદીના પાર્કના રહેણાંક મકાનમાં જુગાર રમતા ૮ જુગારીયાઓને ઝડપી પાડયા હતા. જુગરા રમતા ઝડપાયેલાઓમાં વલીભાઈ ઈસ્માઈલ અખોડવાલા, રહે.કરમા યાકુબ ઉમરજી મન્સુરી, રહે.રહેમત નગર, ભરૂચ, ઈસ્માઈલ મુસાભાઈ પટેલ, રહે.ભેંસલી, ફારૂક ઉમરજીભાઈ પટેલ, રહે.મનુબર, ઉસ્માન વલીભાઈ પટેલ, રહે.થામ, ઈનાયત દોલતભાઈ સિંધા, રહે. દેરોલ, સાજીદ રસીદભાઈ પટેલ, રહે.થામ, અઝરૂદ્દીન ઐયુબ મલેક, રહે.થામ ને ઝડપી પાડી કાર્યવાહી કરવામાં આવી છે.જુગારીયાઓની અંગઝડતીના રોકડા રૂા.૫૩૫૦૦, દાવપરના રૂા.૧૦૫૦૦, મોબાઈલ ફોન નંગ ૫, કિંમત રૂા.૧૫૫૦૦, ફોરવ્હીલ કાર કિંમત રૂા.૧.૫૦ લાખ તેમજ જુગાર રમવાના સાધનો મળી કુલ રૂા.૨.૨૫ લાખ કરતા વધુની રકમ જપ્ત કરી હતી.

**DATE: 11/07/2020**
**E-PAPER SANDESH PAGE-12**

# લગ્નની લાલચ આપી સગીર બાળાને ભગાડી જનાર યુવકને પકડી પાડ્યો

નેત્રંગ : નેત્રંગ પોલીસે લગ્નની લાલચ આપી સગીર બાળાને ભગાડી જનાર યુવકને પકડી પાડ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ નેત્રંગ પો.સ્ટેશનના પીએસઆઈ એન.જી પાંચાણી અને અ.હે.કો જગદીશભાઈ,કિશનભાઈ પેટ્રોલિંગમાં હતા,જે દરમિયાન ભાવનગરના તળાજા ગામની સગીર યુવતીને લગ્નની લાલચ આપી નિતેશ લાલજી વસાવા એ(રહે. જુના પોડા અવિધાગામ તા.ઝઘડીયા) યુવતી ભગાડી લાવ્યો છે,જેવી બાતમી નેત્રંગ પોલીસને મળતાનેત્રંગ-વાલીયા રોડ ઉપર આવેલ પઠાર ગામે શોધખોળ કરતાં યુવક મળી આવ્યો હતો. જેની પોલીસે ધરપકડ કરીને જેલભેગો કરી દીધો હતો.

**DATE: 11/07/2020**
**E-PAPER GUJARATGAURDIAN PAGE-12**



(તસવીર : અજય પેઇન્ટર)

# ભરૂચ જિલ્લાના જંબુસર પોલીસ દ્વારા મફત માસ્ક વિતરણ કરવામાં આવ્યું

ભરૂચ, તા. ૧૦

ભરૂચ જિલ્લાના જંબુસર પોલીસ દ્વારા મફત માસ્ક વિતરણ કરવામાં આવ્યું અને જનજાગૃતિ દ્વારા લોકોને માસ્ક અંગે સમજાવવામાં આવ્યું હતું. ભરૂચ જિલ્લાના જંબુસર નગરમાં કોરોનાની મહામારી નો વ્યાપ વધતો જાય છે હજુ પણ જનતામાં કોરોનાનો ભય સતાવતા ન હોય તેમ લોકો માસ્ક વગર ફરી રહ્યાં છે ત્યારે જંબુસરની જનતાને માસ્ક અને કોરોના અંગેની જાગૃતિ અર્થે જંબુસર ડીવાયએસપી એ જી ગોહિલ દ્વારા એનજીઓના સહકારથી જંબુસર વિસ્તારમાં ફ્રુટની લારીઓ તથા શાકભાજીની લારીઓ અન્ય લારી દ્વારા વેપાર કરતા વેપારીઓને મફત માસ્ક વિતરણ જંબુસર પોલીસ દ્વારા કરવામાં આવ્યું હતું આ સાથે કોરોના અંગેની જાગૃતિ અને માસ્ક પહેરવાના ફાયદા જંબુસર પોલીસ દ્વારા જણાવવામાં આવ્યા હતા દરેક વેપારી મિત્રોએ પોતાના ધંધા પર હોય ત્યારે માસ્ક અવશ્ય પહેરવું ફરજિયાત છે. માસ્ક નહીં પહેરનાર વ્યક્તિને આવતીકાલથી દંડ ફટકારવામાં આવશે તેવી સૂચનાઓ જંબુસર પોલીસ દ્વારા આપવામાં આવી હતી. જંબુસર પોલીસે જંબુસર વિસ્તારમાં ૩૦૦ જેટલા માસ્કનું વિતરણ કર્યું હતું.

**DATE: 11/07/2020**
**E-PAPER SANDESH PAGE-10**

# કોરોના લોકડાઉનમાં વિવિધ ગુનામાં ભરૂચ પોલીસે રૂ. ૭૭ લાખ દંડ વસુલ્યો

। અંકલેશ્વર ।

ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા તા. ૮/૭/૨૦૨૦ ના રોજ બહાર પાડવામાં આવેલી એક યાદી માં જણાવ્યું હતું કે કરોના મહામારીમાં તા ૨૪/૦૩/૨૦૨૦ ના રોજ જાહેર કરવામાં આવેલા રાષ્ટ્ર વ્યાપી લોકડાઉન દરમ્યાન ભરૂચ જીલ્લા પોલીસ દ્વારા લોકો પાસે સખ્તી થી પાલન કરાવવા માટે સઘન ઝુંબેશ આદરી હતી જે મુજબ ૩૪૬૯ ઈસમો સામે કલમ ૧૮૮, IPC કલમ ૧૩, GPACT ૧૯૫૧ હેઠળ ગુના નોંધાવવા માં આવ્યા હતા, ૫૬૫૭ ઈસમો પાસે થી પરીવહન એકટ, માસ્ક ન પહેરવા તથા જાહેરમાં થુકવા બદલ રૂ. ૧૧,૩૧,૪૦૦નો દંડ વસુ લ કરવામાં આવ્યો હતો, ૮૪૮૮ વાહનો ડીટેઈન કરવા આવ્યા હતા જેના માલીકો પાસે થી રૂ. ૬૬૩૮૯૦૦/ નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. આમ કુલ રૂ. ૭૭,૭૦,૩૦૦ ની વસુલાત કરી હતી

**DATE: 11/07/2020**
**E-PAPER SANDESH PAGE-12**

# વાલિયામાં પોલીસ જવાનો માટે મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો



વાલિયા : વાલિયા પોલીસ મથક ખાતે નિરામય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પોલીસ જવાનો માટે મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. હાલના સમયે વધી રહેલા કોરોના વાયરસના સંક્રમણ વચ્ચે પણ ભરૂચ જિલ્લાના પોલીસ જવાનો નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ નિભાવી રહ્યા છે. ત્યારે પોલીસ કર્મીઓના સ્વાસ્થ્ય અંગે ચિંતિત થઈ નિરામય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વાલિયા પોલીસ મથક તેમજ આસપાસના વિસ્તારમાં ફરજ બજાવતા પોલીસ જવાનો માટે મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરાયું હતું.વાલિયા પોલીસ મથકે પોલીસ કર્મીઓના આરોગ્યની તપાસ દરમ્યાન પોલીસ જવાનોનું બ્લડપ્રેશર ચેક કરી બ્લડના સેમ્પલ લેવામાં આવ્યા હતા.જેમાં પોલીસ જવાનોને સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી. સમગ્ર કેમ્પ દરમ્યાન વાલિયા પોલીસ મથકના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર નિલેશ નિનામા અને નિરામય ચેરીટેબલ ટ્રસ્ટના સભ્યો તેમજ મેડિકલ સ્ટાફ સહિત મોટી સંખ્યામાં પોલીસ કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**DATE: 12/07/2020**
**E-PAPER SANDESH PAGE-07**

# ઝનોરથી રૂા.૧.૭૫ લાખના દારૂ સાથે ૧ આરોપીની અટકાયત

| ભરૂચ |

ભરૂચ જિલ્લા એલસીબી પોલીસ દ્વારા દારૂના વેપલા સામે લાલઆંખ કરવામાં આવી રહી છે. તાજેતરમાં પીઆઈ જે. એન.ઝાલાના માર્ગદર્શન હેઠળ એલસીબી પોલીસે મળેલ બાતમીના આધારે ઝનોર ગામના દરબાર ફળીયામાંથી જંગી વિદેશી દારૂ ઝડપી પાડયો હતો. એલસીબી પીએસઆઈ એ.એસ.ચૌહાણ અને તેમની ટીમે દરબાર ફળીયામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલ નંગ ૧૪૧ કિંમત રૂા.૭૦,૫૦૦, મોબાઈલ નંગ ૧ કિંમત રૂા.૫૦૦૦ અને મારૂતિકાર કિંમત રૂા.૧ લાખ મળીને કુલ રૂા.૧.૭૫ લાખ કરતા વધુની મતા જપ્ત કરી આરોપી હેમેન્દ્રસિંહ કિરિટસિંહ રણાની અટક કરી છે.

**DATE: 12/07/2020**
**E-PAPER SANDESH PAGE-10**

## જામનગરના બે આરોપીઓ ઝડપાયા

# અંકલેશ્વર ટોલ ટેક્સ પાસેથી દારૂનો જંગી જથ્થો ઝડપાયો

। અંકલેશ્વર ।

ભરૂચ એલસીબી પોલીસે બાતમીના આધારે અંકલેશ્વર ભરૂચ હાઈવે પર આવેલ માંડવા ટોલ પ્લાઝા પાસેથી વિદેશી દારૂના જથ્થા સાથે બે ઈસમની ધરપકડ કરી છે.

અંકલેશ્વર માંડવા ટોલ ટેક્ષ ખાતેથી બે ખેપિયા ફોર વ્હીલ ગાડીની ડીકીનાં ચોર ખાનામાંથી તથા શીટ કવરની પાછળ બનાવેલ ખાનામાંથી વિદેશી દારૂ ભરૂચ એલ.સી.બી. એ ઝડપી પડયો હતો.

આ અંગેની વિગત જોતાં ભરૂચ જીલ્લા પોલીસ વડા રાજેન્દ્રસિંહ ચુડાસમાની સૂચના અને એલ.સી.બી. પી.આઈ જે.એન.ઝાલાનાં માર્ગદર્શન હેઠળ મળેલ બાતમીના આધારે જુદી જુદી ટીમો બનાવી અંકલેશ્વર હાઈવે વિસ્તારમાં પેટ્રોલીંગ કરાઈ રહ્યું હતું તે દરમ્યાન બાતમી મુજબની ફોર વ્હીલ મારૂતિ સુઝુકી માંડવા ટોલ ટેક્ષ પાસે આવતા જણાતા મોટરકારનાં ચોરખાના અને શીટ કવરની પાછળ બનાવેલ ખાનામાંથી ભારતીય બનાવટનાં વિદેશી દારૂ કુલ બોટલ નંગ ૫૪ સાથે મળી કુલ મત્તા રૂ.૪,૩૦,૦૦૦ સાથે બે આરોપીને ઝડપી પાડ્યા હતા.